પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૧૯ | ૧૮ ઓક્ટોબર, ૨૦૧૭, બુધવાર ; આસો વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મોદી જવાનો સાથે ચીનની સરહદે દિવાળી બનાવશે

નવી દિલ્હી,તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦મી ઓક્ટોબરના દિવસે ઉત્તરાખંડમાં કેદારનાથ મંદિરમાં દર્શને પહોંચનાર છે. પાંચ મહિનાથી પણ ઓછા સમય ગાળાની અંદર મોદી બીજી વખત કેદારનાથ મંદિરમાં દર્શન કરવા માટે પહોંચનાર છે. મળેલી માહિતી મુજબ મોદી સૈનિકો સાથે આ વર્ષની દિવાળી ઉજવવા માટે તૈયાર છે.

# હવે, કોઈપણ સમયે પરમાણુ યુદ્ધ : ઉત્તર કોરિયા

**ઉત્તર કોરિયાને પરમાણુ હથિયારો રાખવાનો હક : ઉત્તર કોરિયાએ ન્યુક્લિયર ફોર્સ તૈયાર કરી છે તેમજ તે પરમાણુ શક્તિ તરીકે ઉભર્યું છે : કોરિયાના નેતાનો દાવો**

સંયુક્તરાષ્ટ્ર,તા. ૧૭

સંયુક્ત રાષ્ટ્રમાં ઉત્તર કોરિયાના ડેપ્યુટી હાઈકમિશનરે કહ્યું છે કે, કોરિયન દ્વિપમાં હવે તંગદિલી ચરમસીમા ઉપર પહોંચી ગઈ છે. કોઈપણ સમયે યુદ્ધની શરૂઆત થઈ શકે છે. કિમ ઈન રયોંગે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની નિશ્નીકરણ સમિતિને કહ્યું છે કે, દુનિયામાં માત્ર ઉત્તર કોરિયા એ દેશ છે જે વર્ષ ૧૯૭૦ના દશકથી અમેરિકા દ્વારા સીધીરીતે પરમાણુ હુમલાના ખતરામાં રહે છે. કિમનું કહેવું છે કે, ઉત્તર કોરિયાને પોતાની સુરક્ષાના અધિકાર હેઠળ પરમાણુ હથિયારો રાખવાની સત્તા છે. કિમે અમેરિકા તરફથી કોરિયન દ્વિપમાં પરમાણું સપત્તિમાં પ્રદર્શન કરવા માટે દર વર્ષે યોજાનાર લશ્કરી અભ્યાસની પણ ઝાટકણી કાઢી હતી. ત્યારબાદ કિમે પોતાના નેતા

● અનુસંધાન પાન-૭ પર

### આર.એસ.એસ.ના કાર્યકરની રવિન્દર ગોસાઈની લુધિયાણામાં હત્યા

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતા રવિન્દર ગોસાઈની આજે સવારે લુધિયાણાના કૈલાશનગરમાં વણઓળખાયેલા હુમલાખોરોએ હુમલો કરીને હત્યા કરી દીધી હતી. આ બનાવની સાથે સમગ્ર લુધિયાણામાં તંગદિલી ફેલાઈ ગઈ હતી. સંઘના નેતાઓની હત્યાના બનાવ હાલના દિવસોમાં વધી રહ્યા છે.







